EDII

Sandesh

May 18, 2016
Page No. 4
City Life

# આજે જીટીયુમાં સ્ટાર્ટઅપ ફ્રેમ વર્ક સેમિનાર

અમદાવાદ : ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) અને ઇ.ડી.આઇ., ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનને ટેકનિકલ સંસ્થાઓ માટે સ્ટાર્ટઅપનું માળખું ઊભું કરવા માટે મદદ કરશે. જે અંતર્ગત આજે જી.ટી.યુમાં એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં સ્ટાર્ટ અપ વેલ્યૂ ચેઇનના મેમ્બર, પોલિસી ઘડનાર, સ્ટાર્ટ ક્ષેત્રે પાયાના વિકાસ સાથે સંકળાયેલા મેમ્બર, ઇન્ક્યુબેટર્સના પ્રતિનિધિ વગેરે સેમિનારમાં જોડાશે અને સ્ટાર્ટઅંગે પોતાના મંતવ્યો શેર કરશે. સ્ટાર્ટઅપ પોલિસી વિશે વાત કરતા જીટીયુના વાઇસ ચાન્સેલર અક્ષય અગ્રવાલે જણાવ્યું હતું કે, ટેકનોલોજી સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ ફ્રેમ વર્કે યુનિવર્સિટીઓ અને કોલેજને પણ આ પ્રક્રિયાના ભાગરૂપ બનાવવા જોઇએ. ઇ.ડી.આઇ.ના ડિરેક્ટર સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં નવા સ્ટાર્ટઅપ મુખ્યત્વે આઇ.ટી. સેક્ટરમાં જ આવતા હતા. પરંતુ હવે ઉત્પાદન ક્ષેત્રે પણ તકો વધી રહી છે. ફંડનો અભાવ હોવા છતાં પણ ગુજરાતમાં સ્ટાર્ટઅપનો દર વધી રહ્યો છે.